# પ્રજ્ઞા

પ્રજ્ઞા ("પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન") એ એક પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્યક્રમ છે, જે હાલમાં ગુજરાતમાં ધોરણ 1 અને ધોરણ 2 ના વિદ્યાર્થીઓ માટે અમલમાં મૂકાયો છે. પ્રજ્ઞા વર્ગખંડ એ બાળકો માટે બાળ અનુકૂળ જગ્યા છે જ્યાં તેમને આવવાનું અને શીખવાનું ગમે છે. તે એક એવી જગ્યા છે જ્યાં સામગ્રી તેમની પહોંચમાં હોય છે અને તેમને ત્યાંની જરૂરિયાત મુજબ સામગ્રીનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા પણ હોય છે. ભણતરના તબક્કા અનુસાર વિદ્યાર્થીઓ ચાર જૂથોમાં વહેંચાયેલા છે. આ જૂથો છે 1) શિક્ષક સમર્થીત જૂથ 2) સાથી સમર્થિત (પીઅર સપોર્ટ) જૂથ 3) સ્વ–અધ્યયન જૂથ અને 4) મૂલ્યાંકન જૂથ.

## પ્રજ્ઞા અભિગમને અપનાવવાના મુખ્ય હેતુ

શિક્ષકો અને સાથીદારો સાથે મળીને શીખવાની તક આપે છે. આ અભિગમ બાળકોને વિવિધ પ્રોજેક્ટ વર્ક તથા બહારના કામ શીખવાની ક્ષેત્રને ખુલ્લી તક પૂરી પડે છે. બાળકોને તણાવમુક્ત સતત મૂલ્યાંકન રહિત શિક્ષણ આપવાની તક આપવામા આવે છે. આ અભિગમ દ્વારા બાળકને અભ્યાસ શીખવાની રીત શીખવવામા આવે છે.

## અભિગમ:

દરેક બાળકને તેની ગતિથી શીખવાની તક આપે છે
બાળકો અનુભવ દ્વારા શીખી શકે છે
બાળકોને પ્રવૃત્તિ આધારિત, તનાવ મુક્ત, મનોરંજનભર્યું શિક્ષણ પ્રદાન કરે છે
દરેક વિદ્યાર્થી માટે શીખવાની સમાન અને પૂરતી તક મળે છે
વિદ્યાર્થીઓને સ્વ–શિક્ષણ, પીઅર લર્નિંગ અને શિક્ષક સહાયક શિક્ષણ માટેની તકો
વિદ્યાર્થીઓનું સતત અને વ્યાપક તણાવ મુક્ત મૂલ્યાંકન

## વ્યાપ:

આ કાર્યક્રમ રાજ્ય સરકારની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં અમલમાં મુકાયો છે.

પ્રજ્ઞા અભિગમના નિયંત્રણ અને દેખરેખ માટે રાજ્યના દરેક બ્લોકમાં એક બીઆરપી–પ્રજ્ઞાની નિમણૂક કરવામાં આવે છે.

પ્રજ્ઞા અભિગમ હેઠળ હેન્ડ હોલ્ડિંગ:

બીઆરપી સતત હેન્ડહોલ્ડિંગ સપોર્ટ પ્રદાન કરે છે

સીઆરસીસી શાળા મુલાકાત દરમિયાન પ્રજ્ઞા વર્ગમાં કામ કરે છે

હેન્ડહોલ્ડિંગ તાલીમ અને સોલ્યુશન એક્સચેંજ દ્વારા હાથ ધરવામાં આવે છે

હેન્ડહોલ્ડિંગ માટે ઓન એર ડેમો પાઠ

## પ્રજ્ઞા અભિગમનું આઉટપુટ:

દરેક બાળકને વ્યક્તિગત શિક્ષણ મળે છે

ધો.*1* અને *2* ના વિદ્યાર્થીઓને સ્કૂલ બેગથી મુક્ત

વિદ્યાર્થીઓની પ્રગતિનું સીસીઈ હેઠળ નિયમિત નિરીક્ષણ કરવામાં આવે છે. સીસીઈ હેઠળ સૂચવેલ ઉપાયો અગ્રતા આપી લાગુ કરવામાં આવ્યા છે

સીસીઇ હેઠળ, દૈનિક પ્રગતિનું નિરીક્ષણ કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓના માર્ગદર્શન અને તેમના વિદ્યાર્થીઓની પ્રગતિ પર શિક્ષકની માહિતી માટે નોંધવામાં આવે છે

વર્ગથી પાછળ રહેલા બાળકોને ઓળખવામાં આવે છે અને તેમને આગળ વધવાની તકો આપવામાં આવે છે

ધો.*1* અને *2* ના વિદ્યાર્થીઓને આ અભિગમ હેઠળ પરીક્ષાઓથી મુક્ત છે

શિક્ષણ પ્રખ્યાત ઈન્ટરેક્ટિવ સામગ્રી અને વર્ગખંડો દ્વારા આપવામાં આવે છે

રેઈન્બો પ્રવૃત્તિઓ દ્વારા બાળકોના રસ અને વલણ જોવા મળે છે. જેને કારણે, તેઓને તેમની પ્રતિભા વિકસાવવાની તક મળે છે

વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ આધારિત અને આનંદકારક શિક્ષણ પદ્ધતિઓ દ્વારા શિક્ષણ મેળવે છે

વિદ્યાર્થીઓને વર્ગખંડમાં ટી.એલ.એમ દ્વારા વ્યક્તિગત શિક્ષણની તક મળે છે

## પ્રજ્ઞાના વિશિષ્ટ કાર્યો:

વર્ગ / શાળાની સફળતાનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે

ત્રાહિત-પક્ષ દ્વારા સંશોધન કરવામાં આવ્યું છે

રાષ્ટ્રીય / રાજ્ય મંત્રીઓ, અધિકારીઓ અને મહાનુભાવો દ્વારા પ્રજ્ઞા વર્ગોની મુલાકાત દરમિયાન જરૂરી પ્રેરણા અને માર્ગદર્શન આપવામાં આવ્યા છે

પ્રજ્ઞા પ્રવૃત્તિ સુધારવા માટે મુખ્ય શિક્ષકો, શિક્ષકો, બીઆરસીસી, સીઆરસીસી અને માતાપિતાના મંતવ્યો લેવામાં આવે છે

એક-દિવસીય તાલીમમાં નિયમિતપણે માસિક પ્રગતિ અહેવાલોનો અનુવર્તી કાર્ય અને તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે

તમામ બીઆરસીસી, બીઆરપી અને સીઆરસીસીની તાલીમ માટે પ્રજ્ઞાની રાજ્ય કોર ટીમ દ્વારા ડીવીડી બનાવવામાં આવેલી છે

## પ્રજ્ઞાનો શાળામા ઉદ્દેશ :

વર્ગખંડમા: આ વર્ગખંડમા બાળકો જ્યાં તેઓ આવે છે અને શીખવા માટે ખુશી થશે તેવી મુક્ત વાતાવરણ આપનારું સ્થળ છે. આ જગ્યાએ જ્યાં સામગ્રી તેમના પહોંચની અંદર હોય છે અને તેઓ પણ તેમની જરૂરિયાત પ્રમાણે ત્યાં માલ ઉપયોગ કરવાની સ્વતંત્રતા છે.

વિષય વર્ગખંડ: સામાન્ય વર્ગખંડની જગ્યાએ વિષયલક્ષી વર્ગખંડ બનાવવામા આવેલ છે. જે તે વિષયને શીખવા માટે બાળક તે વિષયને અનુરૂપ મટીરીયલ તરતજ મેળવી શકે તેવી રીતના બનાવેલ છે. અને ભાષા-*EVS* અને ગણિત-રેઈન્બો પ્રવૃત્તિઓ માટે અલગ રૂમ શાળાઓમાં આયોજીત કરવામાં આવે છે.

બેઠક વ્યવસ્થા શિક્ષકો તથા બાળકોને ખુરશી તથા બેન્ચીસની જગ્યાએ જમીન ઉપર સાદડી પાથરીને બેસવાનું રહેશે. દરેક શાળાને આ માટેની શાદડી તથા શેતરંજી પૂરી પાડવામા આવશે.

પ્રજ્ઞાનો અર્થ એટલે બુદ્ધિ,સમજણ અને શાણપણ નો સમન્વય

ગ્રુપની રચના: કોઈપણ બે વર્ગખંડના ધોરણ-૧ અને ધોરણ-૨ ના વિદ્યાર્થીઓએ સાથે રહીને. ૬ ગ્રુપની અંદર તેની વહેચણી કરવાની રહશે દરેક ગ્રુપની રચના આ પ્રમાણે રહશે. (૧) શિક્ષક સપોર્ટેડ ગ્રુપ (૨) આંશિક શિક્ષક સપોર્ટેડ ગ્રુપ (૩)

પીઅર સપોર્ટ ગ્રુપ (૪) આંશિક પીઅર સપોર્ટ ગ્રુપ (૫) સ્વયમ રીતના શીખી શકે તેવું ગ્રુપ (૬) શીખવવાની રીતનું મૂલ્યાંકન કરી શકે તેવું ગ્રુપ.

પ્રજ્ઞાના વર્ગખંડનું ભૌતિક પર્યાવરણ:રેક અને ટ્રેલેડર, ગ્રુપ ચાર્ટ, વિદ્યાર્થી સ્લેટ, શિક્ષક સ્લેટ, વિદ્યાર્થી પ્રગતિ – આલેખ, ડિસ્પ્લે, શીખવા માટેના ચાર્ટ / ચાર્ટ દ્વારા થતી પ્રવૃત્તિ, કામ પોથી, ફ્લેશ કાર્ડ, ગેમ બોર્ડ, પ્રારંભિક રીડર, સચિત્ર શબ્દકોશ, રેઇન્બો પ્રવૃત્તિ, વિદ્યાર્થી પ્રોફાઇલ, વિદ્યાર્થી પોર્ટફોલિયો, ***EVS*** પ્રોજેક્ટ શીટ્સ, ગણિત પ્રેક્ટિસ બુક, ગુજરાતી વાંચનમાળા, ***EVS*** – મનન, શિક્ષકો માટે હેન્ડબુક, તાલીમ મોડ્યુલ, ***TLM*** બોક્સ, તાલીમ સીડી, હિમાયત સીડી, શોપ સીડી અને જિંગલ, પ્રજ્ઞા ગીત.

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર